ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
પ્રિ-વિતરણ/પોલીસી/૦3
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૧3 /૦૧/૨૦૨૧

## // પરિપત્ર //

**વિષયઃ-** **હયાત એકમના વિસ્તરણ માટે લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની નીતિ બાબત.**

**સંદર્ભઃ-** (૧) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૨૧, તા.૧૬/૦૨/૨૦૧૬.
(૨) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૯૬, તા.૧૦/૦૭/૨૦૧૭.
(૩) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૦૨, તા.૦૧/૦૧/૨૦૧૯.
(૪) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૦૦3, તા.૧૯/૦3/૨૦૨૦.
(૫) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/વ.ક./પ્રિ-વિતરણ/૭,તા.૧૯/૦૬/૨૦૨૦

નિગમની જુદી-જુદી ઔદ્યોગિક વસાહતોમાં ઉદ્યોગકારો તરફથી હયાત એકમના વિસ્તરણ માટે લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની (કોમન વોલ) માંગણી કરવામાં આવતી હોય છે. સદર બાબત અન્વયે હાલમાં સંદર્ભદર્શિત પરિપત્રોથી નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. લગત પ્લોટની ફાળવણી વખતે વસૂલવામાં આવતાં લગત ચાર્જ બાબતની નીતિની પુનઃ સમીક્ષાની બાબત નિગમની વિચારણા હેઠળ હતી. જે અન્વયે તા.૧૫/૧૨/૨૦૨૦ ના રોજ યોજાયેલ નિગમની ૫૦૯ મી સભા સમક્ષ કાર્યસૂચિ રજૂ કરવામાં આવેલ હતી. જે અન્વયે નિગમ ધ્વારા ઠરાવ ક્રમાંકઃ ૬૬/પ્રિ-વિતરણ/૫૦૯, તા.૧૫/૧૨/૨૦૨૦ થી સંદર્ભ હેઠળના પરિપત્રોથી અમલમાં આવેલ નીતિ અને અન્ય તમામ નીતિ વિષયક બાબતો યથાવત્ રાખી નીચે જણાવેલ બાબતોનો સમાવેશ કરવા નિર્ણય કરવામાં આવ્યો.

(૧) પૂર્ણ વિકસિત વસાહત ખાતે ઔદ્યોગિક લગત પ્લોટ/શેડની ફાળવણી માટે જે-તે વસાહત ખાતે કરવામાં આવેલ જાહેર હરાજી દરમ્યાન ઔદ્યોગિક પ્લોટ/શેડની ઉપજેલ મહત્તમ કિંમતને (જે વસાહત ખાતે મિલકતની હરાજી દરમિયાન બોલી બોલવામાં આવેલ હોય પણ કોઇ કારણસર ફાળવણીની મંજુરી મળેલ ના હોય તેવા કિસ્સામાં મિલકતની હરાજી દરમિયાન બોલવામાં આવેલ ઉચ્ચત્તમ બોલીને પણ ધ્યાને લેવાની રહેશે) અથવા પ્રવર્તમાન ફાળવણીદર + ૫૦% પ્રમાણે આવતી રકમ આમ ઉપરોકત બે રકમ પૈકી જે રકમ મહત્તમ હોય તેને લગત પ્લોટ/શેડના ફાળવણીદર તરીકે ગણવાનો રહેશે.

(૨) લગત પ્લોટ/શેડની અરજીનો નિકાલ અરજી કન્ફર્મ કર્યા તારીખ થી દિન-૬૦ માં કરવાનો રહેશે.

સદર નીતિ પરિપત્ર જારી કર્યા તારીખથી અમલમાં આવશે.

ઉપરોકત સૂચનાઓનું નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પ્રિ-વિતરણ)ને પાઠવવી.

સહી/-

(એમ. થેન્નારસન)

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

નકલ જયભારત સહ રવાનાઃ-

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.

(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું

મેનેજર (મહેકમ)

જીઆઇડીસી, ગાંધીનગર.